# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત.


એ-૩,જિલ્લા સેવા સદન-૨,અઠવાલાઇન્સ,સુરત, (ISO 9001:2008 Certified)

Phone No: (0261) 2662903, Fax No: 2662902, Email Id:suratdeo@gmail.com


જા.નં./મા-૩/ગ્રાન્ટેડ વર્ગ વધારો/૨૦૨૪/ ૧૨૦૨૯     તા.૩ -૦૮-૨૦૨૪

પ્રતિ,

બિન સરકારી અનુદાનિત(ગ્રાન્ટેડ) માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ, તમામ

સુરત.જિ.સુરત.

વિષય :- બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં જૂન-૨૦૨૪થી ધો.૧૧ પ્રથમ ક્રમિક વર્ગ (સળંગ એકમ), ધો-૧૨ ક્રમિક વર્ગ તથા ધો.૧૧/૧૨ વર્ગ વધારાની જાહેરાત બાબત.

સંદર્ભ :- કમિ.શાળાઓની કચેરીના પત્ર ક્રમાંક : ઉમશ/ઉમા-૩/વ.વ/૩૦૫૭-૩૦૯૦ તા.૩-૮-૨૦૨૪

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે અત્રેની કચેરીના તાબા હેઠળની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં સંદર્ભદર્શિત પત્રથી ગ્રાન્ટેડ શાળાઓમાં ઉચ્ચત્તર માધ્યમિક વિભાગમાં **જૂન-૨૦૨૪થી ધો.૧૧ પ્રથમ ક્રમિક વર્ગ (સળંગ એકમ), ધો-૧૨ ક્રમિક વર્ગ તથા ધો.૧૧/૧૨ વર્ગ વધારા અંગે જાહેરાત આપવામાં આવેલ છે.**જેમાં શાળા દ્વારા નીચે મુજબની સૂચનાઓ ધ્યાને લઈ વર્ગ વધારો, ક્રમિક વર્ગ વધારો મેળવવા અંગેની દરખાસ્ત કરવાની રહેશે.

સૂચનાઓ:-

1. બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં જૂન-૨૦૨૪થી ધો.૧૧ પ્રથમ ક્રમિક વર્ગ (સળંગ એકમ), ધો-૧૨ ક્રમિક વર્ગ તથા ધો.૧૧/૧૨ વર્ગ વધારાની જાહેરાત તા.૦૨-૦૮-૨૦૨૪ના રોજ કરવામાં આવેલ છે.
2. શાળા દ્વારા વર્ગની ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ ૧૧-૦૮-૨૦૨૪ છે ત્યારબાદ અરજી થઈ શકશે નહિ તથા **જૂન-૨૦૨૪થી બિન સરકારી અનુદાનિત શાળામાં ક્રમિક વર્ગ માટે કોઈ જ ફી ભરવાની રહેતી નથી જેની ખાસ નોંધ લેશો.**
3. ઓનલાઈન દરખાસ્ત સંપૂર્ણ વિગતો તથા તેના સૂચવેલ આનુષાંગિક આધાર-પૂરાવા સાથે દરખાસ્ત કરવાની રહેશે. અધૂરી/અયોગ્ય આધારોવાળી કોઈપણ દરખાસ્ત કરવી નહિ. જેની ખાસ નોંધ લેશો.
4. શાળાએ અરજી કર્યા બાદ નિયમિત રીતે પોતાની ઓનલાઈન અરજી ચકાસતાં રહેવું તથા આપના રજીસ્ટર્ડ મોબાઈલ નંબર પરના SMS ચકાસતા રહેવું, જો કોઈ ક્વેરી અંગે ઓનલાઈન અરજીમાં સૂચના/SMS મળે તો સમય બગાડ્યા વિના સત્વરે પૂર્તતા કરી દરખાસ્ત પુન:સબમીટ કરવી, જો આવેલ પૂર્તતા સમયમર્યાદામાં રજૂ કરવામાં નહીં આવે તો દરખાસ્ત ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ તે માટે આચાર્ય/શાળા મંડળ જવાબદાર રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી,

સુરત.જિ.સુરત

## કમિશનર, શાળાઓની કચેરી,
## વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

રાજ્યની બિન સરકારી અનુદાનિત (ગ્રાન્ટ ઈન એઈડ) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જૂન-૨૦૨૪થી ધોરણ – ૯ અને ૧૦ના વર્ગ વધારા તથા ધોરણ-૧૧ અને ૧૨ના વર્ગ વધારા તથા ક્રમિક વર્ગ વધારાની મંજૂરી મેળવવા માટે ઓનલાઈન અરજી કરવા નીચે મુજબની પ્રક્રિયા કરવા સંબંધિતોને જણાવવામાં આવે છે.

(૧) બિન સરકારી અનુદાનિત (ગ્રાન્ટ ઈન એઈડ) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જૂન-૨૦૨૪થી ધોરણ – ૯ અને ૧૦ના વર્ગ વધારા તથા ધોરણ-૧૧ અને ૧૨ના વર્ગ વધારા તથા ક્રમિક વર્ગ વધારાની મંજૂરી મેળવવા માટે http://varg-vadharo.gujaratvsk.org/frmSchoolLogin લિંક પર જઈ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ઓનલાઈન ફોર્મ ભરી શકાશે. અરજી કરવાની છેલ્લી તારીખ. ૧૧ ઓગસ્ટ ૨૦૨૪ રહેશે, અરજી માત્ર ને માત્ર ઓનલાઈન કરવાની રહેશે.

(૨) ઓનલાઈન અરજી કરવા અંગેની સૂચનાઓ http://varg-vadharo.gujaratvsk.org/frmSchoolLogin લિંક પર મુકવામાં આવેલ છે, જે ધ્યાને લઈને ઓનલાઈન અરજી કરવાની રહેશે તથા આનુષાંગિક આધાર પૂરાવા સ્કેન કરી અપલોડ કરવાના રહેશે. અધુરી કે અસ્પષ્ટ આધારોવાળી અરજીઓ દફ્તરે કરવામાં આવશે જેની ખાસ નોંધ લેવી.

(૩) જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓએ તેઓના એકાઉન્ટમાં મળેલ પોતાના જિલ્લાની શાળાઓની ઓનલાઈન અરજીઓ સંદર્ભે ઠરાવની જોગવાઈ મુજબ સ્થળ તપાસની કાર્યવાહી પૂર્ણ કરી તારીખ ૨૦ ઓગસ્ટ ૨૦૨૪ સુધીમાં કમિશનર, શાળાઓની કચેરીના એકાઉન્ટમાં જરૂરી રિમાર્કસ સહ ઓનલાઈન સબમીટ કરવાની રહેશે.

(૪) હાર્ડ કોપીમાં મળેલ દરખાસ્ત તથા સમય મર્યાદા બાદ અરજી કરવાની છૂટ આપવા બાબતની અરજી ધ્યાને લેવામાં આવશે નહી.

કમિશનર
શાળાઓની કચેરી,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

સ્થળ : ગાંધીનગર
તારીખ : ......................

માહિતી/૬૬૧/૨૦૨૪-૨૫